IEN
2012
GUJARATI

0300710

Seat No. 10306968

Time : 3 Hours] [Total Marks : 100

૧ નીચેના પરિચ્છેદનું ૧/૩ ભાગમાં સાર લેખન કરો અને તેને યોગ્ય શીર્ષક આપો : ૧૦

કારભાર કરનારો જાણે છે કે, હું એક કારભારું ડોળું છું માટે કશી વાત મારાથી અગમ્ય હોય જ કેમ ? વિદ્યા વિલાસીઓ જાણે છે કે, અમે અતિશ્રમે જે જ્ઞાન મેળવ્યું છે તેને ખોટું કહે જ કોણ ? પંથ-પ્રવર્તકો જાણે છે કે, અમે ઠાવકું મોઢું રાખી ''અહંબ્રહ્મ'' કહીએ છીએ તેનો ઇન્કાર કરનાર કોણ ?

પણ એક વ્યવહારવાળો તમામ વ્યવહારનાં સત્ય સમજી શકવો જોઈએ, એવો નિયમ નથી. કુંભાર ઘણો ચતુર હોય તો ઘડા પારખી જાણે, માટે તલવારની ધાર વિશે પણ તેનો અભિપ્રાય ખરો જ હોવો જોઈએ, એમ નથી. પોત પોતાના ધંધાનું સંપૂર્ણ સત્યરૂપ જ્ઞાન હોવું એ જ મુશ્કેલ છે. એટલું જ ખરેખર હાથ થઈ શકતું નથી, તો તે ઉપરાંત વળી પારકાની વાત ડોળવા જવી એ કેવું અશક્ય છે !

ત્યારે કોઈ એમ પૂછશે કે તો શું કોઈએ કોઈનું વચન માનવું જ નહીં ? કોઈ ગુરુ કરવો જ નહીં ? પણ માણસનો ખરો ગુરુ એનું મન અને તેની આંખ જ છે. સત્યને ગુરુ નથી, ને ચેલોયે નથી. ખરા ગુરુ તો તે જ કે જે સત્ય માટે પ્રાણ આપે, છતાં સત્ય ગમે ત્યાંથી પણ ગ્રહણ કરવા તત્પર રહે. જેણે એમ જ ઠરાવ્યું કે સત્ય તે આટલું જ ને બીજું બધું અસત્ય, જેમાં જ્ઞાનની તિજોરી ભરાઈ ચૂકી છે, તેવા તો સંસારને દુખમય કરનારા નીવડે છે. પોતાને જે નિશ્ચય થાય તે સર્વદા સમજાવવો, એ પરમધર્મ છે. પણ તેમ કરતાં એ નિશ્ચય ઉપર કોઈ પણ તરફથી વિશેષ અજવાળું પડે તેવો સંભવ અટકાવવા માટે તેને પેટીમાં પૂરી રાખી તે જ બધા પાસે ખરો મનાવવો, એ તો પશુ બુદ્ધિ જ છે. સત્યને માટે જે માણસ પ્રાણ આપવા પણ તૈયાર હોય, તેને ઘટે છે કે તેણે એ સત્ય સમજવામાં અન્યે બતાવેલી પોતાની ખામી પણ સહન કરવી; એ જ ખરું પ્રાણાર્પણ છે, ખરી સત્યભક્તિ છે. - સત્યભક્તિ

– મણિલાલ ન. દ્વિવેદી

૨ જીવન જરૂરિયાતની વસ્તુઓનો ધરખમ ભાવવધારો એ પ્રજાના અસંતોષનું કારણ છે. - આ અંગેના તમારા વિચારો વર્તમાન પત્રમાં ચર્ચારૂપે જણાવો. ૧૦

અથવા

૨ પ્રાથમિક શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ કે અંગ્રેજીભાષા - એ વિશેના તમારા વિચારો વર્તમાનપત્રમાં ચર્ચારૂપે ટૂંકમાં જણાવો. ૧૦

૩ આપના શહેરમાં સાહિત્યવર્તુળ તથા ગ્રંથાલયના સહયોગથી 'પુસ્તકમેળા'માં વાચન અભિરુચિ કેળવવા માટે યોજાયેલા કાર્યક્રમોનો અહેવાલ રજૂ કરો. ૧૦

**અથવા**

૩ આજકાલ નાના બાળકોને ઉપાડી જવાની બનતી ઘટનાઓના ઊંડાણમાં જઈ તે અંગેનો અહેવાલ તૈયાર કરો. ૧૦

૪ તમારા મિત્ર સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરી રહ્યા હોઈ એ અંગેની શુભેચ્છા પ્રગટ કરતો પત્ર લખો. ૧૦

**અથવા**

૪ ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનો શોખ હોવા છતાં તમે શા માટે વિજ્ઞાનપ્રવાહમાં ભણવાનું પસંદ કર્યું તેનો ખુલાસો કરતો એક પત્ર તમારા મિત્રને લખો. ૧૦

૫ નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો : ૨૦

(૧) યુવાનોના આદર્શ - સ્વામી વિવેકાનંદ

(૨) લાંચખોરી આપણો રાષ્ટ્રીય રિવાજ !

(૩) હડતાલ : એક હથિયાર

(૪) ભારતમાં લોકશાહીનાં વિઘાતક બળો.

૬ નીચેનામાંથી કોઈ પણ બે નો વિચાર વિસ્તાર કરો : ૧૦

(૧) નથી દુર્ભેદ્ય બીજાં કો બંધનો સ્નેહના સમાં
કાષ્ઠને શકતો કોરી, અતિ લાચાર પણામાં

(૨) ઘણું જોયું, જાણ્યું તદપિ ઉરતૃષ્ણા નવ શમી
ઘણું માણ્યું તો યે કંઈક અણમાણ્યું રહી ગયું.

(૩) અંધ ને અજ્ઞ એ બે માં ઓછો શાપિત આંધળો
એકાંગે પાંગળો અંધ, અજ્ઞ સર્વાંગે પાંગળો.

(૪) મોટા નાનાં વધુ મોટામાં, તો નાનાં પણ ખોટાં,
વ્યોમદીપ રવિ નભબિન્દુ, તો ઘર દીવડા શા ખોટાં ?

૭ (ક) સંધિ છૂટી પાડો : ૨

(૧) સિંધૂર્મિ

(૨) ભૂમીશ

(૩) નયન

(૪) શ્રવણ

(ખ) સમાસોનો વિગ્રહ કરી તેને ઓળખાવો : ૨

(૧) મુશળધાર

(૨) શિષ્યવૃત્તિ

(ક) વિરુદ્ધાર્થી શબ્દ આપો : ૨

(૧) ઔરસ

(૨) કુંદન

(૩) ઉલાળ

(૪) ઉછાંછળુ

(ઘ) સમાનાર્થી શબ્દ આપો : ૨

(૧) શોણિત

(૨) પૃથ્વી

(૩) વામા

(૪) વારિધિ

(ચ) સાચી જોડણી લખો : ૨

(૧) વીજાતિય

(૨) વાંકુચુંકુ

(૩) વાલ્મિકી

(૪) કવયીત્રિ

(છ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : ૨

(૧) જન્મ અને મૃત્યુમાંથી કાયમી છૂટકારો.

(૨) પ્રણયીજનોની નજરોનું મિલન.

(૩) પ્રથમવાર પરણવા જનાર પુરુષ

(૪) સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં આવતાં નાણાં.

(જ) કહેવતોનો અર્થ સ્પષ્ટ કરો : ૨

(૧) સવામણ તેલે અંધારું

(૨) પારકી મા જ કાન વીંધે

(૩) મોરના ઈંડા ચીતરવા ન પડે

(૪) હીરો ઘોઘે જઈ આવ્યો

(જ) રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો : ૬

(૧) ભાંગરો વટાઈ જવો

(૨) ધોળામાં ધૂળ પડવી

(૩) ટાઢે પાણીએ ખસ જવી.

૮ નીચેના પરિચ્છેદનો અંગ્રેજીમાં અનુવાદ કરો : ૧૦

હિન્દુસ્તાનમાં ગમે તે ધર્મના માણસો રહી શકે છે તેથી કંઈ તે એક-પ્રજા મટનાર નથી. નવા માણસો દાખલ થાય તે પ્રજાભંગ નથી કરી શકતા, તેઓ પ્રજામાં ભળી જાય છે એમ થાય ત્યારે જ અમુક મુલક એક-પ્રજા ગણાય. તે મુલકમાં બીજા માણસોનો-સમાસ કરવાનો ગુણ હોવો જોઈએ. તેવું હિન્દુસ્તાનમાં હતું અને છે. બાકી ખરું જોતાં, જેટલા માણસ તેટલા ધર્મ છે એમ ગણી શકાય. એક-પ્રજા થઈ રહેનારાં માણસો એકબીજાનાં ધર્મની વચમાં પડતા જ નથી જો પડે તો સમજવું કે તેઓ એક-પ્રજા થવાને લાયક નથી.

– **ગાંધીજી**

IEO 0200710 Seat No. 1030 6964

2012

ENGLISH

Time : 3 Hours] [Total Marks : 100

Notes : (1) Figures to the right indicate full marks.
(2) Mention clearly the question you attempt.
(3) The candidates must not disclose their identity or personal details in any manner any where in the answer book.
(4) Begin writing new question on a new page.

1 Write an essay in about 300 words on any one of the following : 25

(a) Morality versus Reality in Politics.
(b) The Price rise and the common man.
(c) The Impact of social networking.
(d) The Reality shows - Are they Real ?

2 Make a precis of the following passage to the one-third of its length and suggest a suitable title : 15

Recent scientific researches have found out that the food we eat seems to have profound impact on our health. Though science has made enormous progress in view of making food more fit to eat, it has, at the same time, made many foods unfit to eat. A research has shown that about eighty percent of all human illnesses are related to the food we eat. The same research further says that people of different cultures across the globe are more prone to certain illness because of the characteristics food they generally consume.

It is true that food is a major factor for illness and so many consider that there is nothing new in the discovery. Way back in 1945, a group of researchers had found out

after a long research that nitrates and such other chemicals - which are widely used to preserve colour in meats - as well as several additives led to cancer. Yet these preservatives and carcinogenic additives remain in our foods. Besides, it becomes more difficult for a common man to know which ingredients on the packaging labels of the processed foods are helpful or harmful. In fact, The persistently rising graph of the cancer victims shows it all.

Food experts now insist on organic food and advise to opt for the home-made food only. They also warn the young frequenters to the fast foods against the severe health problems. Interestingly, now we can also say that a man is known by the food he eats.

3 (a) As a member Secretary of the Board write a report on the issues on agenda, and the decisions taken by the committee on the 'possible reforms' in, The examination system. **10**

**OR**

(a) More than 100 people died in a derailment of "Navjeevan Express" last night. Write a detailed report about the accident.

(b) As a local agent, write a letter to the production Manager of CHOICE PRODUCTS, Andheri Mumbai regarding deteriorating quality of their products and subsequently the passive response of the customers.

**OR**

(b) Write a letter to the Mayor of your city, drawing his attention towards poor performance of health and hygiene department and the need of taking measures to avert the epidemic of Malaria.

4 Translate the following passage into Gujarati : 20

Books are nothing but brilliant records of human imagination and creativity. A good book records experiences and relationships of people. If reflects the realities of life through characters in a novel or a play or a story. Books excite, entertain, stimulate thinking, teach and inspire. They mould human mind, refine understanding, widen mental horizons, enhance awareness about social problems and enrich our personality in a variety of ways. Since books have a powerful impact on people, the rulers often ban books or burn them. Pen is truly mightier than a Sword ! An enlightened society is the result of people who read and think. So buy books, read them and become a truly thinking human being.

5 (a) Fill in the blanks with correct forms of verbs given in the brackets. Rewrite the sentences completely. 5

(1) He ________ from fever since yesterday. (suffer)

(2) By this time next year you ________ your university degree. (take)

(3) I ________ him for a long time. (know)

(4) The lawyer ________ before the judge for the last two years. (argue)

(5) It ________ raining. Shall we go out ? (stop)

(b) Change the voice of the following sentences : 5

(1) You must endure what you cannot endure.

(2) Were you frightened by the noise ?

(3) People were carrying the chairs out into the garden.

(4) The scientists have proved that there is no life on the moon.

(5) Who taught you such tricks ?

(c) Turn the following dialogue into indirect narration : 5

"What an amazing model !" said Hughie. "An amazing model ? Such beggars as he are not to be met with everyday." Shouted Treror.

"How miserable he looks ! But I suppose, to you painters, his face is his fortune." said Hughie.

"You don't want a beggar to look happy." replied Treror.

(d) Give meaning of the following idioms / phrases and use them in meaningful sentences : 3

(i) from hand to mouth

(ii) in full swing

(iii) in high spirits

(iv) to play false

(v) to look into

(vi) to come across.

(e) Give antonyms of the following words : (any **four**) 2

(i) adversity

(ii) feminine

(iii) assemble

(iv) fertile

(v) abundance.

---

IEP

2012

0100710

Seat No. ______________

# GENERAL STUDIES

Time : 3 Hours] [Total Marks : 100

સૂચનાઓ :(૧) પ્રશ્નપત્રમાં કુલ ૭ પ્રશ્નો છે. દરેક નવા પ્રશ્નનો ઉત્તર નવા પાનેથી શરૂ કરવો.

(૨) પ્રશ્ન 1; 16 ગુણનો છે. બાકીના દરેક પ્રશ્ન 14 ગુણના છે.

(૩) એક પ્રશ્નના પેટાપ્રશ્નના ઉત્તર એક સાથે જ લખવા.

(૪) ઉત્તરનું માધ્યમ ગુજરાતી જ રહેશે.

(૫) પ્રશ્નોના ઉત્તરો મુદ્દાસર આપવા.

**1 નીચે દર્શાવેલા પ્રશ્નો ૧ (ક) થી ૧ (જ) દરેકના ૨ ગુણ છે. આ દરેક પ્રશ્નના ઉત્તરો આશરે 35 શબ્દોમાં આપો.**

(ક) 'IRDA' નું કાર્ય જણાવો.

(ખ) તાના - રીરી (પ્રાચીન) અને કલ્યાણજી - આણંદજી (અર્વાચીન)નો પરિચય આપો.

(ગ) પાટણ જિલ્લાના સૌર પાર્કની માહિતી આપો. ગુજરાત, Link paper chronicle

(ઘ) સ્વામી વિવેકાનંદે શિકાગો ખાતેની વિશ્વધર્મ પરિષદમાં આપેલ પ્રવચનની ટૂંકી વિગતો જણાવો. - ગુજરાત - Detail

(ઙ) ગરવા ગુજરાતી સામ પિત્રોડાનો પરિચય આપો. - Link paper

(ચ) હમ્પી સ્મારક સમૂહ વિષે ટૂંકમાં જણાવો.

(છ) ચાંપાનેર વિષે ટૂંકમાં માહિતી આપો. - chronicle

(જ) નીચે દર્શાવેલ પ્રત્યેક પેટાપ્રશ્ન 1/2 ગુણનો છે અને તેનો ઉત્તર એકથી બે લીટીમાં આપવાનો છે :

(૧) 'ઝેરનો કટોરો આ, પી જજો બાપુ' આ પંક્તિઓ કોણે, કયા સંદર્ભમાં લખી હતી ? - પા.૧.

(૨) શેરડીના ઉત્પાદનમાં એશિયામાં ભારતનું સ્થાન કેટલામું છે.- પા.૨.

(૩) જે સ્થાન મહારાષ્ટ્રમાં શિવાજીનું છે અને રાજસ્થાનમાં મહારાણા પ્રતાપનું છે, તેવું સ્થાન ગુજરાતમાં કોનું ગણાય ? પા.૭.

(૪) ગુજરાત, દેશનું કેટલું મીઠું ઉત્પન્ન કરે છે ? તે જણાવો, તથા ગુજરાતમાં મીઠું ઉત્પન્ન કરતા તમામ જિલ્લાઓનાં નામ લખો. - પા.૭.

2 આ પ્રશ્નના તમામ પેટાપ્રશ્નો 2 - 2 ગુણના છે. આ તમામ પેટાપ્રશ્નના જવાબ આશરે 35 શબ્દોમાં આપો :

(૧) 'એક્સકલુઝિવ ઈકોનોમિક ઝોન' (EEG) વિષે ટૂંકમાં સમજાવો.

(૨) યોજના આયોગ (Planning Commission) ની કામગીરી સમજાવો.

(૩) એક્સપ્રેસ રાષ્ટ્રીય ધોરી માર્ગ, 'સુવર્ણ ચર્તુભુજ' વિષે માહિતી આપો.

(૪) C.A.G. (Comptroller And Auditor General Of India) ની નિમણૂક કોણ કરે છે, તથા તેનાં મુખ્ય કાર્યો કયાં કયાં છે તે જણાવો.

(૫) સમરસ ગ્રામ પંચાયતનો ખ્યાલ કયારથી શરૂ થયો છે ? સમરસ ગ્રામ પંચાયત કેવી રીતે બને છે ? પહેલી વખત ગ્રામ પંચાયત સમરસ બને તો ગુજરાત સરકાર, સમરસ ગ્રામ પંચાયત બનતાં કેટલી ગ્રાન્ટ આપે છે તથા બીજી વાર સમરસ ગ્રામ પંચાયત બને તો ગુજરાત સરકાર કેટલી ગ્રાન્ટ આપે છે ?

(૬) ભારતની 12 મી પંચવર્ષીય યોજનાનો મુખ્ય મુદ્દો શું છે ? જાણીતા ભારતીય અર્થશાસ્ત્રી મોન્ટેકસિંહ અહલુવાલિયાના મતે 12 મી પંચવર્ષીય યોજનામાં કયા ચાર ગંભીર પડકારોનો સામનો કરવાનો છે ?

(૭) સર્વિસ ટેક્સ શું છે ? ટૂંકમાં સમજાવો.

3 આ પ્રશ્નના તમામ 7 પેટાપ્રશ્નો સમાન ગુણ (2 ગુણ)ના છે. દરેક પેટા પ્રશ્નનો ઉત્તર આશરે 35 શબ્દોમાં આપો :

(૧) 1971 નું ભારત - પાકિસ્તાન યુદ્ધ અને તેનાં પરિણામોની માહિતી આપો.

(૨) ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં શ્યામજી કૃષ્ણવર્માનું યોગદાન શું હતું તે સમજાવો.

(૩) ભારતનો સ્વતંત્રતાનો કાયદો - 1947 (India Independence Act. - 1947) નું મહત્ત્વ વર્ણવો.

(૪) આપણા રાષ્ટ્રધ્વજના સન્માન માટે જાળવવાની આચાર સંહિતા વિષેની માહિતી આપો.

(૫) ટૂંક નોંધ લખો - 'બ્રિક્સ (BRICS)' દેશોનું સંગઠન.

(૬) 'ક્રાંતિકારી મહિલા - દુર્ગાભાભી' વિષે ટૂંકમાં માહિતી આપો.

(૭) સને 1956 માં ભારતમાં કરવામાં આવેલી ભાષાવાર પ્રાંત રચનાની સમજ આપો.

4 આ પ્રશ્નના તમામ પેટાપ્રશ્ન 2 - 2 ગુણના છે. આ બધા જ પેટાપ્રશ્નોના જવાબ આશરે 35 શબ્દોમાં આપવાના છે :

(૧) 'હબલ - સ્પેસ ટેલિસ્કોપ' વિશે ટૂંકમાં સમજ આપો.

(૨) તારીખ : 19 એપ્રિલ 2012ના રોજ ભારતે જેનું સફળ પરીક્ષણ કર્યું તેવી ICBM-અગ્નિ - 5 ની વિશેષતાઓ જણાવો.

(૩) આકાશગંગા વિષે ટૂંકમાં સમજાવો.

(૪) ઈલેક્ટ્રોનિક યુદ્ધમાં UAV નું મહત્ત્વ સમજાવો.

(૫) ગુજરાત સાયન્સ સિટી વિષે ટૂંકનોંધ લખો.

(૬) 'સ્ટીવ જોબ્સનું વિશ્વને પ્રદાન' - ટૂંકમાં માહિતી આપો.


(૭) ટૂંક નોંધ લખો - કુન્ડનકુલમ એટોમિક પાવર પ્રોજેક્ટ.


5 આ પ્રશ્નના સાત પેટાપ્રશ્ન (૧ થી ૭) છે અને દરેકના 2 ગુણ છે :

(૧) (અ) મુંબઈથી પહેલી તારીખે એક ફ્લાઈટ રાત્રે 8.00 વાગે ઉપડી, 13 કલાકની યાત્રા બાદ ન્યૂયોર્ક પહોંચે છે, તો ત્યાં કઈ તારીખ હશે અને કેટલા વાગ્યા હશે ? ન્યૂયોર્કનો સમય મુંબઈ કરતાં 10 કલાક પાછળ છે ?


(બ) કંપની Xએ 1994 માં રૂપિયા 10ની કિંમતનો શેર ઈસ્યૂ કરેલો છે, જેનો આજે બજાર ભાવ 250 રૂપિયા છે. A પાસે 500 શેર છે. જો કંપની X 5% ડિવિડન્ડ જાહેર કરે તો 'A' ને કેટલા રૂપિયા ડિવિડન્ડ મળે ?

(૨) (અ) નીચેની આકૃતિમાં કેટલા ત્રિકોણ છે ?





(બ) નીચેના લંબચોરસ ABCD માંના X અને Y ની ગણતરી કરી કિંમત શોધો.




(૩) (અ) એક શેરીમાં 6 માણસો ઊભા હતા. દરેકની પાસે 6 ટોપલા હતા. દરેક ટોપલામાં 6 બિલાડી હતી તથા દરેક બિલાડીને 6 બચ્ચાં હતાં, તો ત્યાં કુલ કેટલા પગ હશે ?

(બ) 2 ટાઈપિસ્ટો 2 પાનાં ટાઈપ કરતાં 2 મિનિટ લગાડે તો 18 પાનાં 6 મિનિટમાં ટાઈપ કરવા માટે કેટલા ટાઈપિસ્ટો જોઈએ ?

(૪) (અ) રણછોડભાઈ મુખીએ રઘાભાઈને ઘાસના 10 ઉઠાં પૂળા, મરઘાભાઈને 20 અઢીયાં પૂળા, મોહનભાઈને 20 સવાયાં પૂળા અને છગનભાઈને 3 વીસુ પૂળા આપ્યા તો તેમણે કુલ કેટલા પૂળા આપ્યા હશે ?


(બ) નીચે દર્શાવેલી આકૃતિમાં અનુક્રમે ?1 તથા ?2 ના ખાનામાં કઈ કઈ સંખ્યાઓ આવશે ?

| ક્રમ | સંખ્યા-1 | સંખ્યા-2 | સંખ્યા-3 |
|---|---|---|---|
| 1 | 1420 | 1460 | 1520 |
| 2 | 1380 | ?1 | 1480 |
| 3 | ?2 | 1360 | 1420 |

(૫) એક યંત્ર 10 કલાકમાં જેટલા પ્યાલાનું ઉત્પાદન કરે છે તેટલા જ પ્યાલાનું ઉત્પાદન કરવા બીજા યંત્રને 15 કલાક લાગે છે. જો બંન્ને યંત્રો સાથે ચલાવવામાં આવે તો એટલું જ ઉત્પાદન કેટલા સમયમાં થાય ?

(૬) આપેલી વિગતના આધારે નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો :
એક કુટુંબમાં 6 સભ્યો છે. P, Q, R, S, T અને U. જેમાં Q એ R નો પુત્ર છે, પરંતુ R એ Q ની માતા નથી. P અને R પરિણીત યુગલ છે. T એ R નો ભાઈ છે. S એ P ની પુત્રી છે. U એ Q નો ભાઈ છે. તો...
(૧) કુટુંબમાં કેટલા પુરુષો છે ?
(૨) Q ની માતા કોણ છે ?
(૩) P ને કેટલાં બાળકો છે ?
(૪) કુટુંબમાં સ્ત્રીઓ કોણ કોણ છે ?

(૭) એક મોલમાં એક સપ્તાહમાં વેચાયેલી ટી-શર્ટની સંખ્યા દર્શાવતો સ્થંભ આલેખ નીચે દર્શાવેલ છે :
(૧) સપ્તાહમાં કુલ કેટલા ટી-શર્ટ વેચાયાં ?
(૨) લઘુતમ અને ગુરુત્તમ વેચાણનો ગુણોત્તર કેટલો ?



6 **આ પ્રશ્નના તમામ 7 પેટાપ્રશ્નો સમાન ગુણ (દરેક પેટાપ્રશ્નના - 2 ગુણ) ધરાવે છે. તમામ પેટાપ્રશ્નોના જવાબો આશરે 40 - 40 શબ્દમાં આપો.**

(૧) સમવાય તંત્ર એટલે શું ? સમજાવો.

(૨) ભારતનો નાગરિકતા કાયદો - 2003 અનુસાર બેવડી નાગરિકતા કોણ પ્રાપ્ત કરી શકે ?

(૩) ભારતના બંધારણમાંની કેન્દ્ર અને રાજ્યના સામાન્ય વિષયોની યાદી જણાવો.

(૪) ટૂંક નોંધ લખો - ભારતનું મુખ્ય ચૂંટણી પંચ (Chief Election Commission of India).

(૫) લોકસભા અને રાજ્યસભાના સદસ્ય વચ્ચે શું તફાવત છે ? સમજાવો.

(૬) મહાભિયોગ કાનૂન અંગે સમજ આપો ?

(૭) ભારતના બંધારણનાં મુખ્ય લક્ષણો જણાવો.

7 **આ પ્રશ્નના તમામ પેટાપ્રશ્ન 2 - 2 ગુણના છે. દરેક પેટાપ્રશ્નના ઉત્તરો આશરે 40 શબ્દમાં આપો :**

(અ) તાજેતરમાં દેશભરના ઝવેરીઓ (Jewellers) એ શા માટે ધંધો બંધ રાખીને હડતાલ પાડી હતી ?

(બ) સિરિયાની સમસ્યા ટૂંકમાં સમજાવો.

(ક) જૂનાગઢ જિલ્લાના જામકા ગામની જળક્રાંતિની માહિતી આપો.

(ડ) N.C.T.C. (ત્રાસવાદ અને આતંકવાદ સંદર્ભ) વિષે સમજ આપો.

(ઈ) નદીઓનાં જોડાણ (River linking) અંગે સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદો તથા તેના અમલીકરણને સ્પર્શતી બાબતો જણાવો. Ch 80

(ફ) સને 2012 - 13ના કેન્દ્રીય અંદાજપત્રની મુખ્ય મુખ્ય નોંધપાત્ર બાબતો કઈ છે ? GK Ch 80 paper

(જ) નર્મદા કેનાલ ટોપ સોલર એનર્જી પ્લાન્ટ વિષે સમજાવો. ગુ. ૫૯

Ch 80 - 3 + 7
ગુ. ૫૯ - 2 + 1
GK - 11
papers - 6 + 2 maybe
ઉંચાઈ - yuva - liberty - ઇતિહાસ (ઘણુ may be)